सत्यमेव जयते

**પલસાણાના મહે. એડિશનલ સિવિલ જજ અને જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (વી.પી.આચાર્ય) સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ:– | ૧૨.૦૩.૨૦૨૬ |
| ક્રિમીનલ કેસ ક્રમાંક:– | ૨૯૯૭/૨૦૨૪ |
| આંક:– | |
| પ્રથમ બાતમી અહેવાલ ક્રમાંક અને પોલીસ સ્ટેશન:– | ૦૭૪૭/૨૦૨૪ પલસાણા પોલીસ સ્ટેશન, તા.પલસાણા. |
| ફરિયાદી:– | શ્રી સરકાર (રાજય) |
| ફરિયાદપક્ષે:– | વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી બી.એન.પંડ્યા |
| આરોપી:– | (૧) નામ:–અર્જુનભાઇ નટવરભાઇ નાયકા<br>ઉંમર:–૩૮ , ધંધોઃ– મજુરી<br>સરનામું:– ઘોડરોડ સડેલા વાડી પ્રતિક્ષા સોસાયટીની બાજુમાં વિશાલ બંગ્લોઝ, સુરત.<br>મુળ રહે–નાગધરા મોરી ફળિયું, તા–જી–નવસારી.<br>(૨) નામ:–રજનીકાંત ઉર્ફે કિરણ કાંતિભાઇ વળવી(નાયકા)<br>ઉંમર:–૪૨ , ધંધોઃ– મજુરી<br>સરનામું:– ઘડોઇ ગામ પારસી ફળિયું તા–મહુવા, જી. સુરત.<br>(૩) નામ:–અમીતભાઇ પ્રમોદચંન્દ્ર કંસારા<br>ઉંમર:–૩૮ , ધંધોઃ– વેપાર<br>સરનામું:– નવસારી નિલંકઠ નગર ઝવેરી સડક વોર્ડ નં.–૬, ઘર નં.–૩૬૭૩ નવસારી. |
| બચાવપક્ષે:– | વિ.વિ.શ્રી સી.બી.દેસાઇ |

| | |
|---|---|
| ગુનાની તારીખ:– | ૨૨.૦૩.૨૦૨૪ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ:– | ૦૩.૦૬.૨૦૨૪ |
| આખરી અહેવાલ રજુ થવાની તારીખ:– | ૦૫.૧૨.૨૦૨૪ |

| | |
|---|---|
| તહોમતનામું ઘડયાની તારીખ:- | ૦૯.૦૭.૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ:- | ૨૨.૦૭.૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ:- | ૧૨.૦૩.૨૦૨૬ |
| ચુકાદાની તારીખ:- | ૧૨.૦૩.૨૦૨૬ |
| આખરી હુકમ:- | નિર્દોષ ઠરાવી છોડી મૂકેલ છે. |

## -:: આરોપીની વિગત ::-

| આરોપ ીનો અનુક્રમ નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | તહોમત | શું નિર્દોષ છોડ્યા/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફો.કા. સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અર્જુનભાઇ નટવરભાઇ નાયકા | ૦૬.૦૬.૨૦૨૪ | ૧૦.૦૬.૨૦૨૪ | ઇ.પી.કો કલમ-૩૭૯, ૪૧૧, ૧૧૪ મુજબ | નિર્દોષ | - | - |
| ૨. | રજનીકાંત ઉર્ફે કિરણ કાંતિભાઇ વળવી(નાયકા) | ૦૬.૦૬.૨૦૨૪ | ૧૦.૦૬.૨૦૨૪ | " | નિર્દોષ | - | - |
| ૩. | અમીતભાઇ પ્રમોદચંન્દ્ર કંસારા | ૦૬.૦૬.૨૦૨૪ | ૧૦.૦૬.૨૦૨૪ | | નિર્દોષ | - | - |

## -:ચુકાદાનું પરિશિષ્ટ:-

<u>ફરિયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષી</u>

<u>અ. ફરિયાદપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૧ | પ્રતાપસિંગ રતનસિંગ ગિરાસે | ગુનાવાળી જગ્યાના પંચ | ૧૩ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૨ | જતીનભાઇ તરુણભાઇ સોંલકી | ગુનાવાળી જગ્યાના પંચ | ૧૭ |

| | | | |
|---|---|---|---|
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૩ | મનિષભાઈ રમેશભાઈ સોલંકી | ફરીયાદી | ૧૯ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૪ | અમિતકુમાર હરીનાથ જાદવ | સાહેદ | ૨૧ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૫ | વિજયભાઈ મુળજીભાઈ ચૌહાણ | સાહેદ | ૨૩ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૬ | શૈલેષભાઈ માનસીંગભાઈ પટેલ | સાહેદ | ૨૪ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૭ | અલ્લારખા હુસેનમીયા શેખ | મુદામાલ રીકવર પંચ | ૨૬ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૮ | નિકુંજ મહેશભાઈ પટેલ | મુદામાલ રીકવર પંચ | ૨૮ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૯ | ચિરાગ જયંતીભાઈ ચૌધરી | સાહેદ | ૨૯ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૧૦ | લાલભા ધનશ્યામસિંહ રાઠોડ | સાહેદ | ૩૮ |
| ફરિયાદ પક્ષે શાહેદ ક્રમાંક ૧૧ | મુકેશભાઈ વેલજીભાઈ | ત.ક.અ. | ૩૯ |

<u>બ. બચાવપક્ષ</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બચાવપક્ષે શાહેદ ક્રમાંક | બચાવપક્ષે કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

<u>ક. અદાલત દ્વારા</u>

| અનુક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| અદાલત દ્વારા તપાસેલ શાહેદ ક્રમાંક | અદાલત દ્વારા પણ કોઈ શાહેદ તપાસેલ નથી. | --- |

<u>ફરિયાદી/બચાવ/અદાલત દ્વારા રજૂ દસ્તાવેજોના આંકની યાદી</u>

<u>અ. ફરિયાદી</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૪ | પંચનામું |
| ૨ | ૧૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૬ | મુદામાલ કબજે કર્યાનું પંચનામું |

| | | |
|---|---|---|
| ૪ | ૨૦ | ફરીયાદ |
| ૪ | ૨૭ | પંચનામું |

<u>બ. બચાવ</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | બચાવપક્ષે કોઈ પુરાવા રજુ થયેલ નથી. | – |

<u>ક. ન્યાયાલય</u>

| અનુક્રમ | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | અદાલત દ્વારા કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી. | – |

<u>ડ. ભૌતિક પદાર્થ</u>

| અનુક્રમ | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૭ કિલોગ્રામ | કોપર વાયર (તાંબાના તારનો જથ્થો) |

**–:ચુકાદો:–**

**<u>ફરિયાદપક્ષની ટૂંકમાં હકીકત અને આરોપી વિરુદ્ધનું તહોમત:</u>–**

**(૧)** હાલના કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,તા. ૨૨/૦૩/૨૦૨૪ ના રોજ કલાક–૦૨/૪૦ વાગ્યાના સુમારે મૌજે– પુણી ગામની સીમમાં રણછોડભાઇ કરશનભાઇ આહીરના ખેતરમાં આવેલ ઇન્ડસ કંપનીના ટાવર આઇ.ડી.નંબર–૩૧૮૩૯૧૬ માંથી કોપરનો પાવર કેબલ આશરે ૩૪ મીટર જેમાં કોપર આશરે ૧૭ કિલો ગ્રામ જેટલું હોય છે. જેની કિંમત રૂપિયા–૮૦૦૦/– ની મતાની તહોમતદાર નં.૧,૨ નાઓ સાથે કાપી ચોરી કરી લઇ જઇ તેમાંથી નીકળતાં તાંબાના તાર તમોમતદાર નં.૩ નાઓએ વેચાણથી રાખી એકબીજાની મદદગારી કરી તપાસ દરમ્યાન પકડાઇ જઇ ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧, ૧૧૪ મુજબનો ગુનો કરેલાનો આરોપીઓ વિરુદ્ધ આક્ષેપ છે.

ઉક્ત આક્ષેપ અનુસંધાને સંબંધિત પોલીસ સ્ટેશને એફ.આઈ.આર. નોંધી આરોપીઓની અટક કરી તપાસના અંતે આખરી અહેવાલ રજૂ રાખવામાં આવેલ.આરોપીઓને સબબ ગુના અંગે જવાબ આંક–૦૯,૧૦,૧૧ થી પ્લી લેતાં તેમાં આરોપીઓએ ગુનાનો ઇનકાર કરેલ છે, ત્યારબાદ ફરીયાદ પક્ષનો પુરાવો નોધવામાં

આવેલ છે.

**<u>ફરિયાદપક્ષનો પુરાવોઃ–</u>**

**(૨)** ફરિયાદપક્ષે શાહેદ નં.૧ પંચ– **પ્રતાપસિંગ રતનસિંગ ગિરાસે**ને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે.તેઓ એકાદ વર્ષ અગાઉ તેમના કામથી જતાં હતા ત્યારે પલસાણા પોલીસે તેમની ત્રણ પંચનામામાં સહી કરાવેલી. પંચનામાઓ શેના હતા તેની તેમને ખબર નથી. તેમને પંચનામાઓ બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે, જેને રજુ આંક–૧૪,૧૫,૧૬ આપવામાં આવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ તૈયાર લખેલા પંચનામાં સહી કરેલી. એ સિવાય તેઓ કંઇ જાણતા નથી.

**(૩)** ફરિયાદપક્ષે શાહેદ નં.૨ પંચ– **જતીન તરુણભાઈ સોલંકી**ને આંક–૧૭ થી તપાસવામાં આવેલ છે.તેઓ એકાદ વર્ષ અગાઉ તેમના કામથી જતાં હતા ત્યારે પલસાણા પોલીસે તેમની ત્રણ પંચનામામાં સહી કરાવેલી. પંચનામાઓ શેના હતા તેની તેમને ખબર નથી. તેમને પંચનામાઓ બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે, જેને રજુ આંક–૧૪,૧૫,૧૬ આપવામાં આવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ તૈયાર લખેલા પંચનામાં સહી કરેલી. એ સિવાય તેઓ કંઇ જાણતા નથી.

**(૪)** ફરિયાદપક્ષે શાહેદ નં.૩ સાહેદ– **મનિષભાઈ રમેશભાઈ સોલંકી**ને આંક–૧૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ ૧૫૦, કીર્તીનગર સોસાયટી, ગામ, ઉતરાણ, તા.જી.સુરત ખાતે તેમના પરિવાર સાથે રહે છે અને આરએસ સીકયુરીટી બંગલા નંબર–૧૦૮, અડાજણ પાટીયા, સ્નેહસ્મૃતી સોસાયટી, સુરતમાં ઈન્ડસ કંપનીના પેટા કોન્ટ્રાકટરમાં સીકયુરીટીમાં સર્વેલન્સ સુપરવાઈઝર તરીકે છેલ્લા ૬ વર્ષથી ફરજ

બજાવે છે. તેમની સીકયુરીટી ઓફિસ એકાદ વર્ષ અગાઉ બંગલા નં.–૫૦, રોયલ ગેલેક્ષી, જહાંગીરપુરા, સુરત ખાતે હતી. તેમની ફરજમાં સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ઇન્ડસ કંપનીના ટાવરની સુરક્ષા અને સલામતી માટે પ્રેટ્રોલીગ કરવાની છે. તા. ૨૧–૦૩–૨૦૨૪ ના રોજ કલાક– ૨૩–૦૦ થી ૨૨–૦૩–૨૦૨૪ ના કલાક– સવારના ૫–૦૦ વાગ્યા સુધી તેઓ તથા તેમના ડ્રાઇવર અમીત સુરત જીલ્લા વિસ્તારમાં પ્રેટ્રોલીગ હતા તે દરમ્યાન તા–૨૨–૦૩–૨૦૨૪ ના સવારના ત્રણેક વાગ્યે તેમની કંપનીના કંટ્રોલ રુમમાંથી તેમને ફોન આવેલ અને જણાવેલ કે, પુણી ગામની સીમમાં રણછોડભાઇ કરસનભાઇના ખેતરમાં આવેલ ઇન્ડસ કંપનીના કંટ્રોલ રૂમમાંથી તેમને ફોન આવેલ કે, પુણી ગામની સીમમાં રણછોડભાઇ કરસનભાઇના ખેતરમાં આવેલ ઇન્ડસ કંપનીના ટાવર આઇ.ડી. નંબર–૩૧૮૨૯૧૬ નો થોડી વાર પહેલાં સાઇડ ડાઉન એલાર્મ આવેલ છે. જેથી તેઓએ તથા અમીતે ઉપરોકત જગ્યાએ જઇ તપાસ કરતાં ટાવરના ડીસીડીબીથી એસએમપીએસ સુધીનો આશરે ૨૦ મીટર કોપરનો પાવર કેબલ કિમત રૂા. –૮૦૦૦/– જેમાં કોપર આશરે ૧૦ કિલોગ્રામ જેટલું હોય છે જે કોઇક અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલાનું જણાવતાં આજુબાજુમાં તપાસ કરતાં કેબલ વાયર તથા ચોર ઇસમ મળી આવેલ નહી. જેથી તેમણે પલસાણા પોલીસ સ્ટેશનમાં બનાવ બાબતે અજાણ્યા ચોર ઇસમ વિરુધ ફરીયાદ આપેલી. જે ફરીયાદ તેમને બતાવવામાં આવે છે જેમાં તેમની સહી ઓળખી બતાવે છે.જેને રજુ આંક–૨૦ આપવામાં આવે છે.

સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ બાબતે તેમને તેમના ઓફિસના કંટ્રોલ રૂમમાં ફોન આવતાં જાણ થયેલી. બનાવ તેમણે નજરો નજર જોયેલો નથી. કોપરની ચોરી કોણ કરેલ તેની તેમને ખબર નથી. વધુમાં સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, તેમણે ખોટી ફરીયાદ આપેલી છે.

**(૫)** ફરિયાદપક્ષે શાહેદ નં.૪ સાહેદ– **અમિતકુમાર હરીનાથ જાદવ**ને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે. તેઓ સ્મૃતી સોસાયટી, ઘર નં.–૧૦૮, અડાજણ પાટીયા, તા.જી.સુરત ખાતે તેમના પરિવાર સાથે રહે છે અને આરએસ સીકયુરીટી બંગલા નંબર–૧૦૮, અડાજણ પાટીયા, સ્નેહસ્મૃતી સોસાયટી, સુરતમાં ઇન્ડસ કંપનીના પેટા કોન્ટ્રાકટરમાં સીકયુરીટીમાં ડ્રાઇવર તરીકે છેલ્લા ૬ વર્ષથી ફરજ બજાવે છે. તેમની સીકયુરીટી ઓફિસ એકાદ વર્ષ અગાઉ બંગલા નં.–૫૦, રોયલ ગેલેક્ષી, જહાંગીરપુરા, સુરત ખાતે હતી. તેમની ફરજમાં સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ઇન્ડસ

કંપનીના ટાવરની સુરક્ષા અને સલામતી માટે પ્રેટ્રોલીગ કરવાની છે. તા. ૨૧–૦૩–૨૦૨૪ ના રોજ કલાક– ૨૩–૦૦ થી ૨૨–૦૩–૨૦૨૪ ના કલાક– સવારના ૫–૦૦ વાગ્યા સુધી તેઓ તથા તેમના સાહેબ મનિષકુમાર સાથે સુરત જીલ્લા વિસ્તારમાં પ્રેટ્રોલીગ હતા તે દરમ્યાન તા–૨૨–૦૩–૨૦૨૪ ના સવારના ત્રણેક વાગ્યે તેમની કંપનીના કંટ્રોલ રુમમાંથી તેમને ફોન આવેલ અને જણાવેલ કે, પુણી ગામની સીમમાં રણછોડભાઇ કરસનભાઇના ખેતરમાં આવેલ ઇન્ડસ કંપનીના કંટ્રોલ રૂમમાંથી તેમને ફોન આવેલ કે, પુણી ગામની સીમમાં રણછોડભાઇ કરસનભાઇના ખેતરમાં આવેલ ઇન્ડસ કંપનીના ટાવર આઇ.ડી. નંબર–૩૧૮૨૯૧૬ નો થોડી વાર પહેલાં સાઇડ ડાઉન એલાર્મ આવેલ છે. જેથી તેઓએ તથા અમીતે ઉપરોકત જગ્યાએ જઇ તપાસ કરતાં ટાવરના ડીસીડીબીથી એસએમપીએસ સુધીનો આશરે ૩૪ મીટર કોપરનો પાવર કેબલ કિમત રૂા.૧૩,૬૦૦/– જેમાં કોપર આશરે ૧૭ કિલોગ્રામ જેટલું હોય છે જે કોઇક અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલાનું જણાવતાં આજુબાજુમાં તપાસ કરતાં કેબલ વાયર તથા ચોર ઇસમ મળી આવેલ નહી. જેથી તેમના સાહેબ મનિષકુમારે પલસાણા પોલીસ સ્ટેશનમાં બનાવ બાબતે અજાણ્યા ચોર ઇસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી. પોલીસે તેમની પુછપરછ કરી બનાવ બાબતે જવાબ લીધેલો.

સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ બાબતે તેમના સાહેબ મનિષકુમારના ઓફિસના કંટ્રોલ રૂમમાં ફોન આવતાં જાણ થયેલી. બનાવ તેમણે નજરો નજર જોયેલો નથી.

**(૬)** ફરિયાદપક્ષે શાહેદ નં.૫ સાહેદ– **વિજયભાઇ મુળજીભાઇ ચૌહાણ**ને આંક–૨૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ ૯૧, આંબેડકર નગર, આશાપુરી મંદિરની સામે, કોસાડ ગામ,અમરોલી, સુરત ખાતે તેમના પરિવાર સાથે રહે છે અને આરએસ સીકયુરીટી બંગલા નંબર–૧૦૮, અડાજણ પાટીયા, સ્નેહસ્મૃતી સોસાયટી, સુરતમાં ઇન્ડસ કંપનીના પેટા કોન્ટ્રાકટરમાં સીકયુરીટીમાં સર્વેલન્સ સુપરવાઇઝર તરીકે છેલ્લા ૬ વર્ષથી ફરજ બજાવે છે. તેમની સીકયુરીટી ઓફિસ એકાદ વર્ષ અગાઉ બંગલા નં.–૫૦, રોયલ ગેલેક્ષી, જહાંગીરપુરા, સુરત ખાતે હતી. તેમની ફરજમાં સુરત શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આવેલ ઇન્ડસ કંપનીના ટાવરની સુરક્ષા અને સલામતી માટે પ્રેટ્રોલીગ કરવાની છે. તા. ૨૧–૦૩–૨૦૨૪ ના રોજ કલાક– ૨૩–૦૦ થી ૨૨–૦૩–૨૦૨૪ ના કલાક– સવારના ૫–૦૦ વાગ્યા સુધી તેઓ તથા તેમના સાહેબ મનિષકુમાર સાથે સુરત જીલ્લા વિસ્તારમાં પ્રેટ્રોલીગ હતા તે દરમ્યાન તા–૨૨–૦૩–

૨૦૨૪ ના સવારના ત્રણેક વાગ્યે તેમની કંપનીના કંટ્રોલ રુમમાંથી તેમના સાહેબ મનિષકુમારને  ફોન આવેલ અને જણાવેલ કે, પુણી ગામની સીમમાં રણછોડભાઇ કરસનભાઇના ખેતરમાં આવેલ ઇન્ડસ કંપનીના કંટ્રોલ રૂમમાંથી તેમને ફોન આવેલ કે, પુણી ગામની સીમમાં રણછોડભાઇ કરસનભાઇના ખેતરમાં આવેલ ઇન્ડસ કંપનીના ટાવર આઇ.ડી. નંબર–૩૧૮૨૯૧૬ નો થોડી વાર પહેલાં સાઇડ ડાઉન એલાર્મ આવેલ છે. જેથી તેઓએ તથા અમીતે ઉપરોકત જગ્યાએ જઇ તપાસ કરતાં ટાવરના ડીસીડીબીથી એસએમપીએસ સુધીનો આશરે ૩૪ મીટર કોપરનો પાવર કેબલ કિમત રૂા.૧૩,૬૦૦/– જેમાં કોપર આશરે ૧૭ કિલોગ્રામ જેટલું  જે કોઇક અજાણ્યો ચોર ઇસમ ચોરી કરી લઇ ગયેલાનું જણાવતાં આજુબાજુમાં તપાસ કરતાં કેબલ વાયર તથા ચોર ઇસમ મળી આવેલ નહી. જેથી તેમના સાહેબ મનિષકુમારે  પલસાણા પોલીસ સ્ટેશનમાં બનાવ બાબતે અજાણ્યા ચોર ઇસમ વિરુધ્ધ ફરીયાદ આપેલી. પોલીસે તેમની પુછપરછ કરી બનાવ બાબતે જવાબ લીધેલો.

સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, બનાવ બાબતે તેમને  ઓફિસના કંટ્રોલ રૂમમાં ફોન આવતાં જાણ થયેલી. બનાવ તેમણે નજરો નજર જોયેલો નથી.

(૭)  ફરિયાદપક્ષે શાહેદ નં.૬ સાહેદ– **શૈલેષભાઇ માનસીંગભાઇ પટેલને** આંક–૨૪ થી તપાસવામાં આવેલ છે. તેઓ કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તા–૦૪–૦૬–૨૦૨૪ ન ના રોજ તેઓ એલસીબી શાખા સુરત ગ્રામ્ય ખાતે એ.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન સુરત ગ્રામ્યના પલસાણા, મહુવા, બારડોલી તથા કામરેજ તાલુકામાં રાત્રીના સમયે મોબાઇલ ટાવર પર કેબલ ચોરીના ગુનાઓ બનતાં હોય પો.ઇ.શ્રી આર.બી.ભટોળનાઓની દેખરેખ અને દિશાસુચન હેઠળ અલગ અલગ કર્મચારી અધિકારીઓની ટીમ બનાવી પ્રેટ્રોલીગમાં જવા સુચન આપતાં તેઓ તથા પો.સ.ઇ. એલ.જી.રાઠોડ તથા અન્ય સ્ટાફના માણસો સાથે સુરત ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન તેઓને તથા અ.હે.કો.સી.જે.ચૌધરીનાઓને બાતમી મળેલ કે, પલસાણા, મહુવા, બારડોલી તથા કામરેજ તાલુકામાં રાત્રીના સમયે મોબાઇલ ટાવર પર કેબલો ચોરીઓ થયેલ છે તે ચોરીમાં ગયેલ તાંબાનો વાયર નવસારી જીલ્લાના નાગધરા તાલુકાનો અર્જુન નાયકા, તથા મહુવાના ધરોઇ ગામનો રજનીકાંત ચોરી કરતા આવેલ છે અને ચોરી કરેલ તાંબાના તારનો જથ્થો લઇ હાલમાં મહુવાથી નવસારી રોડ પર આવેલ કુલવાડી સીમમાં શુકલા ફળીયા, બસ સ્ટેશનની પાસે ઉભા છે અને સગેવગે કરવા જનાર

છે જે બાતમી આધારે બે પંચોના માણસો  બોલાવી બાતમીવાળી જગ્યા મોજે કુલવાડી ગામની સીમમાં શુકલા ફળીયા પાસે રેડ કરતાં બાતમી વર્ણનવાળો ઇસમો બે પ્લાસ્ટીકની મોટી કોથળીઓમાં કંઇક ભરી ઉભેલ હોય તેઓ બંને ઇસમોને કોર્ડન કરી પકડી પંચો રૂબરૂ નામ ઠામ પુછતાં પહેલા ઇસમે પોતાનું નામ અર્જુન નટવર નાયકા, તથા બીજા ઇસમે પોતાનું નામ રજનીકાંત ઉર્ફે કિરણ વળવી હોવાનું જણાવતા તેઓની પાસે રહેલ થેલાં ચેક કરતાં તાંબાનો તારનો જથ્થો ભરેલ હોય જે અંગે પુછતાં કોઇ આધર પુરાવો તેઓ પાસે નહી હોવાનું તેમજ સદર જથ્થો કયાંથી કોની પાસેથી અને કેવી રીતે લાવેલ તે વિશે પુછતાં કોઇ સંતોષકારક ખુલાસો ન કરતાં ઉડાઉ જવાબ આપતાં હોય સદર જથ્થો બંને ઇસમોએ ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાનું જણાય આવતાં વધુ કડકાઇથી પુછતાં બંને ઇસમોએ **<u>તેઓની સ્પેલ્નડર મોટર સાયકલ નંબર જીજે.૦૫.એલકયુ.૪૮૦૯ આશરે બે માસ અગાઉ મહુવાના ગુણવસેલ ગામે આવેલ મોબાઇલ ટાવરનો કેબલ કાપી ચોરી કરી ખેતરાડીમાં સંતાડી રાખેલ હોવાનું જણાવતા હોય ઉપરાંત મહુવા, પલસાણા, કામરેજ તાલુકાઓમાં અલગ અલગ તારીખે રાત્રીના અલગ અલગ સમયે મોબાઇલ ટાવરો પરથી કેબલ વાયરની ચોરી કરી નવસારી ખાતે રહેતાં અમીત નામના ભંગારવાળાને તથા રાજુ ભંગારવાળાને વેચાણ આપેલ હોવાનું તેમજ કેટસોક તાંબાનો વાયર છુટકમાં ભંગારનો સામાન લેતાં ફેરીયાઓને વેચી દીધેલ હોવાનું જણાવેલ.</u>**

ઉપરોકત જુબાનીમા બોલ્ડ અક્ષર અને અન્ડરલાઇન કરેલ જુબાનીમાં આરોપીએ પોલીસ રૂબરૂ નિવેદન આપેલ હોય પુરાવાની કાયદાની કલમ–૨૫ મુજબ પોલીસ રૂબરૂની હકીકત હોય પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી. તે અંગે વાંધો લેતાં સદર વાંધા સહિત જુબાની નોધવામાં આવે છે.

જેથી બંને ઇસમો પાસેથી તાંબાના તારનો જથ્થો ખરીદ કરનાર અમીતભાઇનાઓને ફોન કરી તારનો જથ્થો રજુ કરવા સમજ કરતાં તેઓએ રજુ કરેલ તાંબાના તારનો જથ્થો કુલ–૯૫ કિલોગ્રામ કે જેની આશરે કિમત રૂપિયા–૭૬,૦૦૦/– પકડાયેલ ઇસમો પાસેથી મળી આવેલ તાંબાના તારનો જથ્થો વજન કરતાં કુલ ૨૮ કિલોગ્રામ કે જેની આશરે કિમત રૂા.–૨૨,૪૦૦/– નો મળી આવતાં કબજે કરી તથા અંગઝડતીમાંથી મળેલ મોબાઇલ ફોન નંગ–૨ તથા રોકડ રૂપિયા–૨૬૦ કબજે કરી આરોપી અટક કર્યા અંગેનું પંચનામું પો.સ.ઇ. એલ.જી.રાઠોડનાઓએ કરેલું. ગુનાના કામે પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો. પકડાયેલ બંને આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પંચનામું કરેલ ત્યારે તેઓ હાજર હતા. પંચનામું કુલવાડી ગામે શુકલા ફળિયામાં કરેલું. પંચનામામાં એવી હકીકત લખેલ કે, ઉપર લખેલ નામોવાળા પંચોને એલ.સી.બી.સુરત ગ્રામ્ય પોલીસના બોલાવાથી મોજે મહુવા બસ સ્ટેશન પાસે હાજર થયા. એલ.સી.બી.માં એક ટીમ બનાવેલી. મુદામાલ કબજે કરેલ હોય તો તેનું સીલ સ્થળ પર જ કરવાનું રહે છે. સ્થળ પર કોઇ મુદામાલ સીલ કરેલ નથી. આરોપીઓના મોબાઇલ કબજે કરવામાં આવેલા. સદર પંચનામું કરતાં ૩ થી ૪ કલાકનો સમય લાગેલો.બંને પકડાયેલ આરોપીઓએ અમીતભાઇનું પુરેપુરું નામ સરનામું જણાવેલ નહી. તાંબાના તાર સહેલાઇથી બજારમાં મળી રહે. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, મુદામાલ પાવતી સ્થળ પર જ નોધવાની રહે છે.

(૮) ફરિયાદપક્ષે શાહેદ નં.૭ પંચ- **અલ્લારખા હુસેલમીયા શેખ**ને આંક-૨૬ થી તપાસવામાં આવેલ છે.તેઓ એક દોઢ વર્ષ અગાઉ તેમના કામથી જતાં હતા ત્યારે એલ.સી.બી. પોલીસે તેમની એક પંચનામા સહી કરાવેલી. પંચનામુ શેના હતા તેની તેમને ખબર નથી. તેમને પંચનામું બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે, જેને રજુ આંક-૨૭ આપવામાં આવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ તૈયાર લખેલા પંચનામાં સહી કરેલી. એ સિવાય તેઓ કંઇ જાણતા નથી.

(૯) ફરિયાદપક્ષે શાહેદ નં.૮ પંચ- **નિંકુજ મહેશભાઇ પટેલ**ને આંક-૨૮ થી તપાસવામાં આવેલ છે.તેઓ એક દોઢ વર્ષ અગાઉ તેમના કામથી જતાં હતા ત્યારે એલ.સી.બી. પોલીસે તેમની એક પંચનામા સહી કરાવેલી. પંચનામુ શેના હતા તેની તેમને ખબર નથી. તેમને પંચનામું બતાવવામાં આવે છે જેમાં પોતાની સહી ઓળખી બતાવે છે, જેને રજુ આંક-૨૭ આપવામાં આવે છે.

સદર શાહેદ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતાં ન હોઈ ફરિયાદપક્ષે વિદ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી દ્વારા ફરિયાદપક્ષે ફરી ગયેલ સાક્ષી જાહેર કરી વિગતવારની ઊલટતપાસ કરવા છતાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ

હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખે છે કે, તેઓએ તૈયાર લખેલા પંચનામાં સહી કરેલી. એ સિવાય તેઓ કંઇ જાણતા નથી.

(૧૦)ફરિયાદપક્ષે શાહેદ નં.૯ સાહેદ– **ચિરાગ જયંતીભાઇ ચોધરીને** આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તા–૦૪–૦૬–૨૦૨૪ ન ના રોજ તેઓ એલસીબી શાખા સુરત ગ્રામ્ય ખાતે એ.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન સુરત ગ્રામ્યના પલસાણા, મહુવા, બારડોલી તથા કામરેજ તાલુકામાં રાત્રીના સમયે મોબાઇલ ટાવર પર કેબલ ચોરીના ગુનાઓ બનતાં હોય પો.ઇ.શ્રી આર.બી.ભટોળનાઓની દેખરેખ અને દિશાસુચન હેઠળ અલગ અલગ કર્મચારી અધિકારીઓની ટીમ બનાવી પ્રેટ્રોલીગમાં જવા સુચન આપતાં તેઓ તથા પો.સ.ઇ. એલ.જી.રાઠોડ તથા અન્ય સ્ટાફના માણસો સાથે સુરત ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન તેઓને તથા અ.હે.કો.સી.જે.ચૌધરીનાઓને બાતમી મળેલ કે, પલસાણા, મહુવા, બારડોલી તથા કામરેજ તાલુકામાં રાત્રીના સમયે મોબાઇલ ટાવર પર કેબલો ચોરીઓ થયેલ છે તે ચોરીમાં ગયેલ તાંબાનો વાયર નવસારી જીલ્લાના નાગધરા તાલુકાનો અર્જુન નાયકા, તથા મહુવાના ધરોઇ ગામનો રજનીકાંત ચોરી કરતા આવેલ છે અને ચોરી કરેલ તાંબાના તારનો જથ્થો લઇ હાલમાં મહુવાથી નવસારી રોડ પર આવેલ કુલવાડી સીમમાં શુકલા ફળીયા, બસ સ્ટેશનની પાસે ઉભા છે અને સગેવગે કરવા જનાર છે જે બાતમી આધારે બે પંચોના માણસો બોલાવી બાતમીવાળી જગ્યા મોજે કુલવાડી ગામની સીમમાં શુકલા ફળીયા પાસે રેડ કરતાં બાતમી વર્ણનવાળો ઇસમો બે પ્લાસ્ટીકની મોટી કોથળીઓમાં કંઇક ભરી ઉભેલ હોય તેઓ બંને ઇસમોને કોર્ડન કરી પકડી પંચો રૂબરૂ નામ ઠામ પુછતાં પહેલા ઇસમે પોતાનું નામ અર્જુન નટવર નાયકા, તથા બીજા ઇસમે પોતાનું નામ રજનીકાંત ઉર્ફે કિરણ વળવી હોવાનું જણાવતા તેઓની પાસે રહેલ થેલાં ચેક કરતાં તાંબાનો તારનો જથ્થો ભરેલ હોય જે અંગે પુછતાં કોઇ આધર પુરાવો તેઓ પાસે નહી હોવાનું તેમજ સદર જથ્થો કયાંથી કોની પાસેથી અને કેવી રીતે લાવેલ તે વિશે પુછતાં કોઇ સંતોષકારક ખુલાસો ન કરતાં ઉડાઉ જવાબ આપતાં હોય સદર જથ્થો બંને ઇસમોએ ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાનું જણાય આવતાં વધુ કડકાઇથી પુછતાં બંને ઇસમોએ **<u>તેઓની સ્પેલ્નડર મોટર સાયકલ નંબર જીજે.૦૫.એલકયુ.૪૮૦૯ આશરે બે માસ અગાઉ મહુવાના ગુણવસેલ ગામે આવેલ મોબાઇલ ટાવરનો કેબલ કાપી ચોરી કરી ખેતરાડીમાં સંતાડી રાખેલ હોવાનું જણાવતા હોય ઉપરાંત મહુવા, પલસાણા,</u>**

**<u>કામરેજ તાલુકાઓમાં અલગ અલગ તારીખે રાત્રીના અલગ અલગ સમયે મોબાઇલ ટાવરો પરથી કેબલ વાયરની ચોરી કરી નવસારી ખાતે રહેતાં અમીત નામના ભંગારવાળાને તથા રાજુ ભંગારવાળાને વેચાણ આપેલ હોવાનું તેમજ કેટસોક તાંબાનો વાયર છુટકમાં ભંગારનો સામાન લેતાં ફેરીયાઓને વેચી દીધેલ હોવાનું જણાવેલ.</u>**

ઉપરોકત જુબાનીમા બોલ્ડ અક્ષર અને અન્ડરલાઇન કરેલ જુબાનીમાં આરોપીએ પોલીસ રૂબરૂ નિવેદન આપેલ હોય પુરાવાની કાયદાની કલમ–૨૫ મુજબ પોલીસ રૂબરૂની હકીકત હોય પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી. તે અંગે વાંધો લેતાં સદર વાંધા સહિત જુબાની નોધવામાં આવે છે.

જેથી બંને ઇસમો પાસેથી તાંબાના તારનો જથ્થો ખરીદ કરનાર અમીતભાઇનાઓને ફોન કરી તારનો જથ્થો રજુ કરવા સમજ કરતાં તેઓએ રજુ કરેલ તાંબાના તારનો જથ્થો કુલ–૯૫ કિલોગ્રામ કે જેની આશરે કિમત રૂપિયા–૭૬,૦૦૦/– પકડાયેલ ઇસમો પાસેથી મળી આવેલ તાંબાના તારનો જથ્થો વજન કરતાં કુલ ૨૮ કિલોગ્રામ કે જેની આશરે કિમત રૂા.–૨૨,૪૦૦/– નો મળી કુલ –૧૨૩ કિલોગ્રામ તાંબાના તારનો જથ્થો જેની કિમત રૂા. –૯૮,૪૦૦/–મળી આવતાં કબજે કરી કુલ–૧૨૩ કિલોગ્રામ તાંબાના તારનો જથ્થો જેની કિમત રૂા.–૯૮,૪૦૦/– કબજે કરી અંગઝડતીમાંથી મળેલ મોબાઇલ ફોન નંગ–૨ તથા રોકડ રૂપિયા–૨૬૦ કબજે કરી કબજે કરી આરોપી અટક કર્યા અંગેનું પંચનામું પો.સ.ઇ. એલ.જી.રાઠોડનાઓએ કરેલું. ગુનાના કામે પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો. પકડાયેલ બંને આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પંચનામું કરેલ ત્યારે તેઓ હાજર હતા. પંચનામું કુલવાડી ગામે શુકલા ફળિયામાં કરેલું. પંચનામામાં એવી હકીકત લખેલ કે, ઉપર લખેલ નામોવાળા પંચોને એલ.સી.બી.સુરત ગ્રામ્ય પોલીસના બોલાવાથી મોજે મહુવા બસ સ્ટેશન પાસે હાજર થયા. એલ.સી.બી.માં એક ટીમ બનાવેલી. મુદામાલ કબજે કરેલ હોય તો તેનું સીલ સ્થળ પર જ કરવાનું રહે છે. સ્થળ પર કોઇ મુદામાલ સીલ કરેલ નથી. આરોપીઓના મોબાઇલ કબજે કરવામાં આવેલા. સદર પંચનામું કરતાં ૩ થી ૪ કલાકનો સમય લાગેલો.બંને પકડાયેલ આરોપીઓએ અમીતભાઇનું પુરેપુરું નામ સરનામું જણાવેલ નહી. તાંબાના તાર સહેલાઇથી બજારમાં મળી રહે. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, મુદામાલ પાવતી સ્થળ પર જ નોધવાની રહે છે.

**(૧૧)** ફરિયાદપક્ષે શાહેદ નં.૧૦ સાહેદ– **લાલભા ધનશ્યામસિંહ રાઠોડને** આંક–૩૮ થી તપાસવામાં આવેલ છે. તેઓ કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તા–૦૪–૦૬–૨૦૨૪ ન ના રોજ તેઓ એલસીબી શાખા સુરત ગ્રામ્ય ખાતે એ.એસ.આઇ. તરીકે તેમની ફરજ બજાવતા હતા તે દરમ્યાન સુરત ગ્રામ્યના પલસાણા, મહુવા, બારડોલી તથા કામરેજ તાલુકામાં રાત્રીના સમયે મોબાઇલ ટાવર પર કેબલ ચોરીના ગુનાઓ બનતાં હોય પો.ઇ.શ્રી આર.બી.ભટોળનાઓની દેખરેખ અને દિશાસુચન હેઠળ અલગ અલગ કર્મચારી અધિકારીઓની ટીમ બનાવી પ્રેટ્રોલીગમાં જવા સુચન આપતાં તેઓ તથા પો.સ.ઇ. એલ.જી.રાઠોડ તથા અન્ય સ્ટાફના માણસો સાથે સુરત ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન તેઓને તથા અ.હે.કો.સી.જે.ચૌધરીનાઓને બાતમી મળેલ કે, પલસાણા, મહુવા, બારડોલી તથા કામરેજ તાલુકામાં રાત્રીના સમયે મોબાઇલ ટાવર પર કેબલો ચોરીઓ થયેલ છે તે ચોરીમાં ગયેલ તાંબાનો વાયર નવસારી જીલ્લાના નાગધરા તાલુકાનો અર્જુન નાયકા, તથા મહુવાના ધરોઇ ગામનો રજનીકાંત ચોરી કરતા આવેલ છે અને ચોરી કરેલ તાંબાના તારનો જથ્થો લઇ હાલમાં મહુવાથી નવસારી રોડ પર આવેલ કુલવાડી સીમમાં શુકલા ફળીયા, બસ સ્ટેશનની પાસે ઉભા છે અને સગેવગે કરવા જનાર છે જે બાતમી આધારે બે પંચોના માણસો બોલાવી બાતમીવાળી જગ્યા મોજે કુલવાડી ગામની સીમમાં શુકલા ફળીયા પાસે રેડ કરતાં બાતમી વર્ણનવાળો ઇસમો બે પ્લાસ્ટીકની મોટી કોથળીઓમાં કંઇક ભરી ઉભેલ હોય તેઓ બંને ઇસમોને કોર્ડન કરી પકડી પંચો રૂબરૂ નામ ઠામ પુછતાં પહેલા ઇસમે પોતાનું નામ અર્જુન નટવર નાયકા, તથા બીજા ઇસમે પોતાનું નામ રજનીકાંત ઉર્ફે કિરણ વળવી હોવાનું જણાવતા તેઓની પાસે રહેલ થેલાં ચેક કરતાં તાંબાનો તારનો જથ્થો ભરેલ હોય જે અંગે પુછતાં કોઇ આધર પુરાવો તેઓ પાસે નહી હોવાનું તેમજ સદર જથ્થો કયાંથી કોની પાસેથી અને કેવી રીતે લાવેલ તે વિશે પુછતાં કોઇ સંતોષકારક ખુલાસો ન કરતાં ઉડાઉ જવાબ આપતાં હોય સદર જથ્થો બંને ઇસમોએ ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાનું જણાય આવતાં વધુ કડકાઇથી પુછતાં બંને ઇસમોએ **તેઓની સ્પેલ્નડર મોટર સાયકલ નંબર જીજે.૦૫.એલકયુ.૪૮૦૯ આશરે બે માસ અગાઉ મહુવાના ગુણવસેલ ગામે આવેલ મોબાઇલ ટાવરનો કેબલ કાપી ચોરી કરી ખેતરાડીમાં સંતાડી રાખેલ હોવાનું જણાવતા હોય ઉપરાંત મહુવા, પલસાણા, કામરેજ તાલુકાઓમાં અલગ અલગ તારીખે રાત્રીના અલગ અલગ સમયે મોબાઇલ ટાવરો પરથી કેબલ વાયરની ચોરી કરી નવસારી ખાતે રહેતાં અમીત નામના ભંગારવાળાને તથા રાજુ ભંગારવાળાને વેચાણ આપેલ હોવાનું તેમજ કેટસોક તાંબાનો વાયર છુટકમાં**

**<u>ભંગારનો સામાન લેતાં ફેરીયાઓને વેચી દીધેલ હોવાનું જણાવેલ.</u>**

ઉપરોકત જુબાનીમા બોલ્ડ અક્ષર અને અન્ડરલાઇન કરેલ જુબાનીમાં આરોપીએ પોલીસ રૂબરૂ નિવેદન આપેલ હોય પુરાવાની કાયદાની કલમ–૨૫ મુજબ પોલીસ રૂબરૂની હકીકત હોય પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહી. તે અંગે વાંધો લેતાં સદર વાંધા સહિત જુબાની નોધવામાં આવે છે.

જેથી બંને ઇસમો પાસેથી તાંબાના તારનો જથ્થો ખરીદ કરનાર અમીતભાઇનાઓને ફોન કરી તારનો જથ્થો રજુ કરવા સમજ કરતાં તેઓએ રજુ કરેલ તાંબાના તારનો જથ્થો કુલ–૯૫ કિલોગ્રામ કે જેની આશરે કિમત રૂપિયા–૭૬,૦૦૦/– પકડાયેલ ઇસમો પાસેથી મળી આવેલ તાંબાના તારનો જથ્થો વજન કરતાં કુલ ૨૮ કિલોગ્રામ કે જેની આશરે કિમત રૂા.–૨૨,૪૦૦/– નો મળી આવતાં કબજે કરી તથા અંગઝડતીમાંથી મળેલ મોબાઇલ ફોન નંગ–૨ તથા રોકડ રૂપિયા–૨૬૦ કબજે કરી આરોપી અટક કર્યા અંગેનું પંચનામું પો.સ.ઇ. એલ.જી.રાઠોડનાઓએ કરેલું. ગુનાના કામે પોલીસે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો. પકડાયેલ બંને આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પંચનામું કરેલ ત્યારે તેઓ હાજર હતા. પંચનામું કુલવાડી ગામે શુકલા ફળિયામાં કરેલું. પંચનામામાં એવી હકીકત લખેલ કે, ઉપર લખેલ નામોવાળા પંચોને એલ.સી.બી.સુરત ગ્રામ્ય પોલીસના બોલાવાથી મોજે મહુવા બસ સ્ટેશન પાસે હાજર થયા. એલ.સી.બી.માં એક ટીમ બનાવેલી. મુદામાલ કબજે કરેલ હોય તો તેનું સીલ સ્થળ પર જ કરવાનું રહે છે. સ્થળ પર કોઇ મુદામાલ સીલ કરેલ નથી. આરોપીઓના મોબાઇલ કબજે કરવામાં આવેલા. સદર પંચનામું કરતાં ૩ થી ૪ કલાકનો સમય લાગેલો.બંને પકડાયેલ આરોપીઓએ અમીતભાઇનું પુરેપુરું નામ સરનામું જણાવેલ નહી. તાંબાના તાર સહેલાઇથી બજારમાં મળી રહે. સાહેદ એ હકીકતનો ઇનકાર કરે છે કે, પંચોની તૈયાર લખેલા પંચનામાં પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી. સાહેદ એ હકીકતનો પણ ઇનકાર કરે છે કે, તેઓએ સાહેદોના નિવેદનો તેમની મરજી મુજબ ફરીયાદને અનુરૂપ લખી લીધેલા છે.

**(૧૨)** ફરિયાદપક્ષે શાહેદ નં.૧૧ **ત.ક.અ.–મુકેશભાઇ વેલજીભાઇ રાઠોડને** આંક–૩૯ થી તપાસવામાં આવેલ છે. તેઓ કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તા. ૦૩–૦૬–૨૦૨૪ ના રોજ તેઓ પલસાણા પોલીસ સ્ટેશનમાં અ.હે.કો. તરીકે તેમની ફરજ બજાવતા

હતા ત્યારે એક ફરીયાદી મનિષભાઇ રમેશભાઇ સોલંકીનાઓએ પુણી ગામની સીમમાં રણછોડભાઇ કરસનભાઇના ખેતરમાં આવેલ ઇન્ડસ કંપનીના ટાવર આઇ.ડી. નં.–૩૧૮૩૯૧૩ ના ડીસીડીબી થી સીસ્ટમ મોડયુલ સુધીનો કોપર કેબલ આશરે ૩૪ મીટર કે જેની કુલ કિમત આશરે–૧૩,૬૦૦/– કે જેમાં કોપર આશરે ૧૭ કિલોગ્રામ કોઇ અજાણ્યો ચોર ચોરી કરી નાસી ગયેલ હોવાની ફરીયાદ હકીકત  પી.એસ.ઓ. પી.એ.શિયાળ સમક્ષ જાહેર કરતાં પી.એસ.ઓ.એ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લઇ ગુનો રજીસ્ટર કરી પલસાણા પોલીસે સ્ટેશન ગુના રજીસ્ટર નં. –૧૧૨૧૪૦–૪૬–૨૪–૦૭૪૯/૨૦૨૪ , ઇ.પી.કો કલમ–૩૭૯ ના ગુનાની તપાસ તેમની તરફ સુપરત કરતાં તપાસ સંભાળી લઇ ફરીયાદીના બતાવ્યા મુજબનું ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલું જે આંક–૧૪ થી રજુ છે જેમાં  તેમની સહી ઓળખી બતાવે છે.ત્યારબાદ એલ.સી.બી. પોલીસે બાતમી આધારે આરોપી તથા મુદામાલ કબજે કરી મહુવા પોલીસ સ્ટેશનના ગુનાના કામે સુપરત કરેલ હોય ટ્રાન્સફર વોરંટના આધારે આરોપી રજનીકાંત ઉર્ફે કિરણ, અર્જુન તથા અમીત કંસારાનો કબજો મેળવી ગુના અંગે પુછપરછ કરી તપાસના કામે નામદાર કોર્ટમાં ઇ.પી.કો. કલમ– ૪૧૧,૧૧૪ નો ઉમેરો કરાવી આરોપી રજનીકાંત સ્વેછાએ પલસાણા પોલીસે સ્ટેશન ગુના રજીસ્ટર નં. –૧૧૨૧૪૦–૪૬–૨૪–૦૭૪૭/૨૦૨૪ , ઇ.પી.કો કલમ–૩૭૯,૪૧૧,૧૧૪ (૨)પલસાણા પોલીસે સ્ટેશન ગુના રજીસ્ટર નં. –૧૧૨૧૪૦–૪૬–૨૪–૦૭૪૮/૨૦૨૪ , ઇ.પી.કો કલમ–૩૭૯,૪૧૧,૧૧૪ (૩)પલસાણા પોલીસે સ્ટેશન ગુના રજીસ્ટર નં. –૧૧૨૧૪૦–૪૬–૨૪–૦૭૪૯/૨૦૨૪ , ઇ.પી.કો કલમ–૩૭૯,૪૧૧,૧૧૪ ના કામે ગુનાના કામે કંઇક બતાવવા માંગતો હોય તેને સાથે રાખી ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલું. જેને રજુ દાખલ આંક–૧૫ આપવામાં આવે છે. એલસીબી પોલીસે આરોપી પાસેથી કબજે કરેલ તાંબાના તારનો જથ્થો જે મહુવા પોલીસ સ્ટેશનની ડાયરી એન્ટ્રી નં.– ૦૯/૨૦૨૪ થી કબજે કરેલ હોય જેમાંથી સદર મુદામાલ કોપર વાયરનો જથ્થો ૨૭ કિલોગ્રામ કે જેની આશરે કિંમત–૨૧,૬૦૦/– નો બે સ્વતંત્ર પંચોની હાજરીમાં પંચનામુ કરી કબજે કરેલ. જે પંચનામાને રજુ દાખલ આંક–૧૬ આપવામાં આવે છે. ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નિયત સમયમાં ચાર્જશીટ કરેલું. આરોપીને તેઓ જોયેથી ઓળખી શકે છે.

સદર સાહેદ બચાવપક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો ઇનકાર  કરે છે કે, તૈયાર

પંચનામાં પંચોની પોલીસ સ્ટેશનમાં સહીઓ કરાવેલી તથા તેઓએ સાહેદોના નિવેદનો તેમની મરજી મુજબ ફરીયાદને અનુરૂપ લખી લીધેલા છે. વધુમાં સાહેદ એ હકીકતનો પણ ઈનકાર કરે છે કે, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલું તથા ઉપરી અધિકારીને બતાવવા માટે આરોપીઓ ઉપર ખોટા કેસો ચઢાવી દીધેલાં.

**<u>આરોપીનું વિશેષ નિવેદન તથા બચાવપક્ષનો પુરાવો તથા દલીલો:</u>–**

**(૧૩)**હાલના કામે આરોપીઓનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૧૩ હેઠળનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ ફરિયાદપક્ષે દલીલો સાંભળવામાં આવેલ.

**<u>ન્યાય નિર્ણયઃ</u>–**

**(૧૪)** આ કામે તપાસવામાં આપેલ પંચો પણ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, સદર પંચ શાહેદો ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલ શાહેદ જાહેર કરેલા છે અને વિ.એ.પી.પી.શ્રી દ્વારા વિગતવારની ઊલટતપાસ કરવા છતાં કોઈ ફળદાયી હકીકત રેકર્ડ પર આવેલ નથી.આમ, સદર કામે ચોરીનો બનાવ નજરે જોનાર કોઈ શાહેદ નથી. તેમજ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ શાહેદોએ મુદ્દામાલ કબજે કરવાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી તે સંજોગોમાં હાલના આરોપીઓ પાસેથી ચોરી કરેલ માલ મળી આવેલ હોવાની હકીકત શંકા ઉત્પન્ન કરે છે.

**(૧૫)** આ કામે ફરીયાદીને આંક– ૧૯ થી તપાસેલા છે તેઓની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ જણાવે છે કે, બનાવ બાબતે તેમને તેમના ઓફિસના કંટ્રોલ રૂમમાં ફોન આવતાં જાણ થયેલી. બનાવ તેમણે નજરો નજર જોયેલો નથી. કોપરની ચોરી કોણ કરેલ તેની તેમને ખબર નથી.તેમજ આંક–૨૧ તથા આંક–૨૩ ના સાહેદોને પણ બનાવની જાત માહિતી નથી.આ કામે ત.ક.અ ની જુબાની જોવામાં આવે તો તેમની જુબાનીથી પણ આરોપીઓની આ ગુનામાં સંડોવણી સ્પસ્ટ રીતે રેર્કડ પર આવેલ નથી.તથા આંક–૨૪, આંક–૨૯ તથા આંક–૩૮ ના સાહેદો કોર્ટ રૂબરૂમાં એવો પુરાવો આપે છે કે, સ્થળ પર કોઈ મુદામાલ સીલ કરેલ નથી.બંને પકડાયેલ આરોપીઓએ અમીતભાઈનું પુરેપુરું નામ સરનામું જણાવેલ નહી. તાંબાના તાર સહેલાઈથી બજારમાં મળી રહે. તેમણે એવો કોઈ સ્પસ્ટ પુરાવો રેર્કડ પર આપેલ નથી જેનાથી આરોપીઓની આ ગુનામાં સીધી સંડોવણી સાબિત થાય. આંક–૩૯ થી ત.ક.અ.ને તપાસવામાં આવેલ છે તેમની જુબાનીમાં તેઓએ કરેલ કામગીરીનું વર્ણન છે. તેનાથી આરોપીઓને

તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી.

**(૧૬)** વધુમાં, પંચ સાહેદો કે જેઓ રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય તેમજ મુદામાલ રીકવર કરેલ હોય તે પંચ સાહેદો હોસ્ટાઈલ હોય અને ફરિયાદી તથા ત.ક.અ. ની જુબાની માત્રથી આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય નહી.આ કામે બનાવવાળી જગ્યાએ સતત લોકોની અવરજવર રહે છે, ત્યાં ઘણા બધા માણસો પણ ઊભા રહેલા હોય છે. સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતા એવા કોઈ સ્વતંત્ર સાહેદોનું નિવેદન લીધેલ નથી ત્યારે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ પંચનામાની વિગતે પંચ શાહેદોની હાજરીમાં આરોપી પાસેથી જ કબજે કરવામાં આવેલ હોવાની હકીકત શંકા ઉત્પન્ન કરે છે. તેમજ રેર્કડ પર કોઇ સાહેદે એવો સ્પસ્ટ પુરાવો આપેલ નથી કે જેનાથી આરોપીઓની આ ગુનામાં ભુમિકા સાબિત થતી હોય.આથી કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**(૧૭)** આમ, ઉક્ત તમામ સંજોગોમાં આરોપીઓ વિરુદ્ધનો ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯,૪૧૧,૧૧૪ હેઠળનો ગુનો પુરવાર થતો નથી. આમ, તમામ સંજોગોમાં ફરિયાદપક્ષે પોતાને કેસ પુરવાર કરવા માટે તેમજ આરોપીઓ સામેના આક્ષેપો પુરવાર કરવા માટે પુરતો પુરાવો રેર્કડ પર લાવેલ ન હોવાનું ઉપરથી ફલિત થતું હોવાનું ઠરાવવામાં આવે છે. આથી, કેસના આખરી નિકાલ સારૂ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી નિર્ણયઃ</u>–**

**(૧)** આ કામના આરોપીઓને ઇ.પી.કો કલમ–૩૭૯, ૪૧૧, ૧૧૪ મુજબના સબબ ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૩૭(ક)મુજબના ૫૦૦૦/–( અંકે રૂપિયા પાંચ હજાર પુરાના) આગળના રજુ જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

આજરોજ તારીખઃ ૧૨, માહેઃ માર્ચ, સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૨/૦૩/૨૦૨૬
મુ.પલસાણા.

**(વિમલ પ્રદીપભાઈ આચાર્ય)**
એડિ. જ્યુડિ. મેજિસ્ટ્રેટ ફ.ક., પલસાણા.
U.I.Code No.GJ01445